આજે દક્ષિણ ગુજરાતમાં યલો એલર્ટ

50 કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી

ગુજરાતમાં ચોમાસાની આગેકૂચ વચ્ચે ગરમી યથાવત

અમદાવાદ : ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા વચ્ચે હજુ પણ ગરમીનો પ્રભાવ યથાવત જોવા મળી રહ્યો છે. રવિવારે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું. બીજી તરફ હવામાન વિભાગે 22 જૂનથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરતાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં રવિવારે સાંજે છ વાગ્યા સુધી વરસાદની પ્રવૃત્તિ નહિવત રહી હતી. છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં નોંધાયા હતા, જ્યારે કચ્છમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નહોતો અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું. રવિવારે રાજ્યમાં સૌથી વધુ 40 ડિગ્રી તાપમાન અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. આ ઉપરાંત કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી, ડીસામાં 38 ડિગ્રી, વડોદરામાં 38 ડિગ્રી, ભૂજ, અમરેલી અને કેશોદમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સુરત, ભાવનગર અને દમણમાં 36 ડિગ્રી જ્યારે પોરબંદર, નલિયા અને મહુવામાં 35 ડિગ્રી તાપમાન રહ્યું હતું.અમદાવાદ માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને એકથી બે વરસાદી ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલમાં ચોમાસાની સિસ્ટમ ઉત્તર સીમા હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુર સુધી વિસ્તરેલી છે. 23 જૂનની આસપાસ મહારાષ્ટ્ર, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

ગુજરાત ઉપરનું ઉપરવાસનું ચક્રવાતી પરિભ્રમણ નબળું પડ્યું હોવા છતાં ઉત્તર ગુજરાતથી પશ્ચિમ મધ્ય અરબી સમુદ્ર સુધી ટ્રફ સક્રિય છે.

હવામાન વિભાગની આગાહી

22 જૂન : વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, મોરબી, કચ્છ અને દીવમાં પણ 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતમાં આનંદ જિલ્લામાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 23 જૂન : અમદાવાદ, ખેડા, આનંદ, પંચમહાલ, મહીસાગર અને દાહોદ સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે. 24 જૂન : અમદાવાદ અને આનંદ સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં યલો એલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદી પ્રવૃત્તિ જોવા મળી શકે છે. 25થી 28 જૂન દરમિયાન સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જનપ્રશ્નો ગુંજ્યા

સાયણમાં રહેણાંક જમીન પર થતા કોમર્શિયલ બાંધકામ અટકાવો

માંસાહારી દુકાનોના કચરામાંથી માથુ ફાટી જાય તેવી દુર્ગંધ આવે છે : ધારાસભ્ય મુકેશ પટેલ

સુરતઃ સુરત જિલ્લામાં શનિવારે યોજાયેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ, બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદીએ પોતાના વિસ્તારોને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરીને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે સાયણ ગામમાં સર્વે નંબર 572ની જમીન રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલી હોવા છતાં ત્યાં વ્યાપારી બાંધકામ કરવામાં આવ્યું હોવાનું ધ્યાન દોર્યું હતું. તેમણે જણાવ્યું કે જમીનના હેતુનો સ્પષ્ટ શરતભંગ થઈ રહ્યો છે અને આવા ગેરકાયદેસર બાંધકામો દૂર કરીને જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. આ રજૂઆતને ગંભીરતાથી લેતાં જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને તપાસ કરીને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી. ધારાસભ્ય મુકેશ પટેલે સાયણ વિસ્તારના બ્લોક નંબર 572માં આવેલી માંસાહારી દુકાનો દ્વારા વેસ્ટેજ અને ખરાબ કચરો ખુલ્લામાં તેમજ કરંજ ડિસ્ટ્રીક્ટમાં નાંખવામાં આવતો હોવાનો મુદ્દો પણ રજૂ કર્યો હતો. આ કારણે કરંજ ડિસ્ટ્રીક્ટના સાઇફનમાં બ્લોકેજ સર્જાઈ રહ્યું છે અને સમગ્ર વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઇ રહી છે. સ્થાનિક રહેવાસીઓના આરોગ્ય પર તેની ગંભીર અસર થઈ રહી હોવાનું જણાવતા તેમણે તાત્કાલિક પગલાં લેવાની માંગણી કરી હતી. જિલ્લા કલેક્ટરે આ મામલે સંબંધિત અધિકારીઓને સ્થળ પર જઈ તાકીદે કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.

કીમ ગામની જર્જરિત ઇમારતો બન્યાં જોખમરૂપ

કીમ ગામમાં વર્ષો જૂની રહેણાંક અને કોમર્શિયલ ઇમારતો હાલ અત્યંત જર્જરિત બની ગઈ હોવાનું પણ ધારાસભ્યએ જણાવ્યું હતું. આ ઇમારતો ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં હોવાથી લોકોના જીવને જોખમ ઊભું થયું છે. કીમ ગ્રામ પંચાયત દ્વારા અગાઉથી આવી ઇમારતો દૂર કરવા માટે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પૂરતી કાર્યવાહી થઈ નથી. આ અંગે પણ તાત્કાલિક નિરાકરણ લાવવા માંગણી કરવામાં આવી હતી.

ત્રણ વર્ષમાં બનેલા પાણીના સમ્પનો માંગ્યો હિસાબ

ઓલપાડ તાલુકામાં વાસ્મો અને પાણી પુરવઠા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા અંડરગ્રાઉન્ડ પાણીના સમ્પ બનાવવામાં આવ્યા છે તેની માહિતી પણ ધારાસભ્ય મુકેશ પટેલે માંગી હતી. સાથે જ કેટલાક ગામોમાં સમ્પ બનાવ્યા હોવા છતાં પીવાના પાણીના કનેક્શન આપવામાં આવ્યા ન હોવાનું ધ્યાન દોર્યું હતું. કલેક્ટર તેજસ પરમારે વાસ્મોના અધિકારીઓને સ્થળ મુલાકાત લઈને ઝડપથી કનેક્શન આપવાની અને લોકોને યોજનાનો લાભ મળે તેની ખાતરી કરવાની સૂચના આપી હતી.

કુદિયાણા માયનોર નહેર મુદ્દે ખેડૂતોને થયેલા નુકસાનની તપાસની માંગ

ઓલપાડ તાલુકાની કુદિયાણા માયનોર નહેર ઉભરાતા અનેક ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ જવાથી નુકસાન થયું હોવાનું ધારાસભ્યએ જણાવ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે નહેર પર ફરજ બજાવતા ઓપરેટરો દ્વારા ઓપરેટિંગ સિસ્ટમના સાધનો અન્ય લોકોને સોંપવામાં આવે છે, જેના કારણે પાણીના વિતરણમાં ખામી સર્જાય છે. ક્યારેક ખેડૂતોને પૂરતું પાણી મળતું નથી તો ક્યારેક વધુ પાણી ખેતરોમાં ભરાઈ જતા નુકસાન સહન કરવું પડે છે. સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર અધિકારીઓ અથવા ઓપરેટરો સામે કાર્યવાહી કરવાની માંગણી તેમણે કરી હતી.

ધામદોડ-લુંભા અને બારડોલીમાં વરસાદી પાણી ભરાવાનો પ્રશ્ન

બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે ચોમાસાની ઋતુ દરમિયાન ધામદોડ, લુંભા ગામો તેમજ બારડોલી નગરપાલિકા વિસ્તારની કેટલીક સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઈ જતું હોવાની ગંભીર સમસ્યા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે ખાડી પર થયેલા ગેરકાયદેસર દબાણોને કારણે પાણીનો નિકાલ અટકી જાય છે અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આથી આવા દબાણો તાત્કાલિક દૂર કરવાની માંગણી તેમણે કરી હતી. ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે ગુજરાત ગેસ કંપની દ્વારા લેવામાં આવતી પી.એન.જી. પાઈપ ગેસ કનેક્શન ફી અંગે તેમજ બારડોલી વિસ્તારમાં નિર્માણાધીન રિંગ રોડનું ઝડપથી પૂર્ણ કરવા માંગ કરી હતી.

બિનઅધિકૃત બાંધકામો અને ટોલ મુદ્દે જિલ્લા પંચાયત પ્રમુખની રજૂઆત

જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદીએ નેત્રંગથી કોળી ભરથાણા વિસ્તારમાં થયેલા બિનઅધિકૃત બાંધકામો દૂર કરવા રજૂઆત કરી હતી. ઉપરાંત નેશનલ હાઈવે પર વસૂલાતા ટોલ ટેક્સને લઈને પણ લોકોની ફરિયાદો અને મુશ્કેલીઓ અંગે બેઠકમાં મુદ્દો ઉઠાવ્યો હતો.

---

7 વર્ષથી ફરાર લતીફ ગેંગનો શાર્પશૂટર ઝડપાયો

રાધિકા જિમખાના હત્યાકાંડનો આજીવન કેદી રાજસ્થાનમાંથી પકડાયો, પેરોલ પર છુટીને નાસી છૂટયો હતો

અમદાવાદઃ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અંડરવર્લ્ડ ડોન અબ્દુલ લતીફ ગેંગના કુખ્યાત શાર્પશૂટર અને રાધિકા જિમખાના સામૂહિક હત્યાકાંડના આજીવન કેદની સજા ભોગવી રહેલા મોહમ્મદ તસ્લીમ ઉર્ફે મોહમ્મદ તસ્લીમ મોહમ્મદ ઉમર શેખને 7 વર્ષ બાદ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. વર્ષ 2019માં પેરોલ જમ્પ કરીને ફરાર થયેલો તાસ્લીમ છેલ્લાં કેટલાય વર્ષોથી અલગ-અલગ ઓળખ અને ઠેકાણાં બદલીને પોલીસને ચકમો આપી રહ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ બાતમી અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે અધિકારીઓએ રાજસ્થાનમાં તેનું ગુપ્ત ઠેકાણું શોધી કાઢ્યું હતું. ત્યારબાદ હાથ ધરાયેલા ઓપરેશનમાં તેને ઝડપી લેવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર તસ્લીમ 1990ના દાયકામાં અમદાવાદમાં ગેંગવોરના સમયગાળા દરમિયાન અબ્દુલ લતીફનો સૌથી વિશ્વાસુ અને ખતરનાક શૂટર માનવામાં આવતો હતો. તેના નામે અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમાં 1992નો કુખ્યાત રાધિકા જિમખાના હત્યાકાંડ અને પૂર્વ રાજ્યસભા સાંસદ રઉફ વલીઉલ્લાહની હત્યાનો સમાવેશ થાય છે.3 ઓગસ્ટ, 1992ના રોજ ઓઢવ વિસ્તારમાં આવેલા રાધિકા જિમખાના ક્લબ પર અબ્દુલ લતીફ ગેંગે ઘાતકી હુમલો કર્યો હતો. હરીફ બુટલેગર હંસરાજ ત્રિવેદીની હત્યા કરવા માટે પહોંચેલા ગેંગના સભ્યોએ એ.કે.-47 સહિતના આધુનિક હથિયારોથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં 9 લોકોનાં મોત થયા હતા.

સૂફી પરંપરાનું જીવંત પ્રતિક હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી

છોટાઉદેપુરમાં મોટામિયા ચીશ્તીનો સંદલ અને ઉર્ષની ઉજવણી થશે

30 જૂન અને 1 જુલાઈએ યોજાનારા ઉર્સમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટશે

હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તીની દરગાહે ભવ્ય ઉજવણી

છોટાઉદેપુરઃ ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી (રહેમતુલ્લાહ અલૈહ)ની દરગાહ ખાતે 70મા ઉર્સ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.છોટા ઉદેપુર ગુરુ ગુલઝારે ગંજે શક્કર ખાતે યોજાનારો આ બે દિવસીય ધાર્મિક મહોત્સવ 30 જૂન અને 1 જુલાઈ 2026ના રોજ યોજાશે.

ઉર્સ નિમિત્તે દરગાહ પર વિશેષ ધાર્મિક કાર્યક્રમો, ફાતેહા, ચાદર ચઢાવવાની રસમ, મહેફિલ-એ-સમા તથા સામૂહિક દુઆનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉર્સ મેળાની જાહેરાત સાથે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ છવાયો છે અને ગુજરાત સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી અકીદતમંદો મોટી સંખ્યામાં હાજરી આપશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉર્સના પ્રથમ દિવસે એટલે કે 30 જૂન, મંગળવારે સાંજે 5 વાગ્યે સંદલ શરીફની વિધિ યોજાશે. આ પ્રસંગે દરગાહ ખાતે વિશેષ ફાતેહા અને અકીદતમંદોની હાજરીમાં સંદલ ચઢાવવામાં આવશે. ત્યારબાદ રાત્રે 10 વાગ્યે મહેફિલ-એ-સમા યોજાશે, જેમાં સૂફી કલામો અને કવ્વાલીઓ દ્વારા આધ્યાત્મિક માહોલ સર્જાશે.

આ કાર્યક્રમમાં પ્રદેશભરના મુરિદો, અંજુમનો અને વિવિધ સામાજિક-ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહેશે. દરગાહના સંચાલકો દ્વારા તમામ શ્રદ્ધાળુઓને ધાર્મિક શિસ્ત અને સૌહાર્દ જાળવી કાર્યક્રમમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉર્સના મુખ્ય દિવસે 1 જુલાઈ, બુધવારે સાંજે 6 વાગ્યે ચાદર મુબારકનું જુલૂસ નીકળશે. દરગાહ સુધી પહોંચતા આ જુલૂસમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાશે. પરંપરાગત નગારા, સલામ અને ઝિક્ર સાથે જુલૂસનું સ્વાગત કરવામાં આવશે.

રાત્રે 10 વાગ્યે મહેફિલ-એ-સમા અને વિશેષ દુઆ સાથે ઉર્સ શરીફની મુખ્ય વિધિઓ પૂર્ણ થશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

'મારો પતિ...

લગ્ન કરવા માટે દબાણ કર્યું, ત્યારે તેણે યુવતીના ન્યૂડ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આ સમગ્ર મામલામાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે આરોપી મયુરની પત્ની ગુંજનબેન બગડાએ પણ પીડિતાને ફોન કરીને કહ્યું હતું કે મયુર તારી સાથે લગ્ન કરવાનો નથી. તારે મરવું હોય તો મરી જા, અમને કોઈ ફર્ક પડતો નથી. મેં જ મારા પતિને છૂટ આપી છે કે તે ગમે તેટલી છોકરીઓ ફેરવે. તારા પૈસા પણ પાછા મળવાના નથી અને જો હવે પછી મારા પતિ વિરુદ્ધ કંઈપણ કર્યું તો તને જીવતી નહીં રહેવા દઉં અને તારા વિરુદ્ધ ખોટો કેસ કરાવી દઈશ. આખરે કંટાળીને ભોગ બનનાર યુવતીએ અમરોલી પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા. પોલીસે પીડિતાની ફરિયાદના આધારે આરોપી મયુર બગડા અને તેની પત્ની ગુંજન બગડા વિરુદ્ધ (લગ્નની ખોટી લાલચ આપી દુષ્કર્મ) અને (છેતરપિંડી) મુજબ ગુનો નોંધી આરોપી દંપતીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બાયોલોજી સરળ...

આજે પરીક્ષા 9384 વિદ્યાર્થીઓએ આપી હતી. એટલે કે 917 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. એટલે કુલ 91.10 ટકા હાજરી નોંધાઈ હતી. બાયોલોજી વિષયનું પેપર સરળ સ્તરનું રહ્યું હતું. મોટાભાગના પ્રશ્નો સીધા NCERT પાઠ્યપુસ્તક આધારિત પૂછાયા હતા. પ્રશ્નપત્રમાં આશરે 5 Assertion-Reason પ્રકારના પ્રશ્નો, 8 વિધાન આધારિત પ્રશ્નો, 9 જોડકા (Matching) પ્રકારના પ્રશ્નો તેમજ આંકડાકીય માહિતી આધારિત 3 પ્રશ્નો સામેલ હતા. ઉપરાંત ગણતરી આધારિત અંદાજે 7 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના મતે NCERTનું સઘન વાંચન કરનાર ઉમેદવારો માટે બાયોલોજીનું પેપર સ્કોરિંગ સાબિત થઈ શકે છે.

પરીક્ષા કેન્દ્રની આસપાસની મોબાઇલની દુકાનો બંધ કરાવાઇ

સુરત : નીટના પરીક્ષા કેન્દ્રો પર એરપોર્ટ જેવી સુરક્ષા ગોઠવાઇ હતી. પ્રશ્નપત્રોને બેંકોમાંથી CISFના જવાનોની દેખરેખ હેઠળ સુરક્ષિત રીતે પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે કેન્દ્રની આસપાસ 100 મીટરની ત્રિજ્યામાં આવેલી મોબાઈલ ફોનની દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તમામ ચકાસણીઓ પૂર્ણ થયા બાદ બાયોમેટ્રિક વેરિફિકેશન કરીને જ વિદ્યાર્થીઓને પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. કડક સુરક્ષા વ્યવસ્થાના કારણે પરીક્ષા પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું.

ફિઝિક્સમાં ગણતરી...

તથા NCERTના ઉદાહરણો અને સ્વાધ્યાયમાંથી આંકડાકીય મૂલ્યોમાં ફેરફાર કરીને પૂછાયેલા 3 પ્રશ્નો પણ સામેલ હતા. વિષય નિષ્ણાતોના જણાવ્યા મુજબ ફિઝિક્સનું પેપર NEET-2024 કરતાં સ્પષ્ટપણે વધુ મુશ્કેલ હતું. જોકે NEET-2025ની સરખામણીએ થોડું સરળ કહી શકાય, પરંતુ 3 મેના મોડલ પેપર કરતાં વધુ અઘરું રહ્યું હતું.

ધાર્મિક દોરા...

તથા અન્ય ધાર્મિક ચિહ્નો દૂર કરાવવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ધર્મના વિદ્યાર્થીઓને ધાર્મિક પહેરવેશ સાથે પ્રવેશ આપવામાં આવ્યો હતો. વાલીઓએ નિયમો તમામ વિદ્યાર્થીઓ માટે સમાન રીતે લાગુ કરવાની માંગ કરી હતી. પરીક્ષા સત્તાવાળાઓના જણાવ્યા મુજબ NTAની માર્ગદર્શિકા અનુસાર ભારે જ્વેલરી અને પ્રતિબંધિત વસ્તુઓ સાથે પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવતો નથી, જ્યારે મંજૂર ધાર્મિક પહેરવેશ અંગે અલગ જોગવાઈ છે.

પાટીદાર દીકરી...

બંનેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમના કહેવા મુજબ પરિવાર રિદ્ધિને સ્વીકારવા તૈયાર હતો. આ વિવાદ શાંતિથી પતી જાય એ માટે રિધ્ધિ અને જયેશ જોડે વારંવાર ટેલીફોનિક, રુબરુ વાતચીત કરી છે. તેમજ રિધ્ધિની માતા પિતા સાથે બેઠક કરાવવા માટે પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેઓ આવી બેઠક પોલીસ સ્ટેશને અથવા વકીલની ઓફિસે રાખવાનો આગ્રહ રાખ્યો હતો.રિધ્ધિ સાથેની વાતચીતમાં એણે છૂટું થવાની ના પાડી દીધી હતી. ત્યારે અમારી પાસે આ બંને પાટીદાર સમાજના સ્ટેજ પર ન આવે એવા પ્રયાસો કરવાનો વિકલ્પ રહ્યો છે. ગુજરાતી સંગીત જગતમાં આ પ્રકારનો વિવાદ પહેલો નથી. અગાઉ પણ આરતી સાંગાણી જેવી ગાયિકાઓના લગ્ન અને અંગત જીવનને લઈને સામાજિક સ્તરે ચર્ચા અને વિરોધ જોવા મળ્યો હતો. હવે રિદ્ધિ રાજપરાના મામલે ફરી એકવાર સમાજ, પરંપરા અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચેની ચર્ચાએ જોર પકડ્યું છે.

પ્રસાદમાં ઘેન...

પાખંડી ભુવાએ ઈન્સ્ટાગ્રામ પર સીમાનો સંપર્ક કરી તે હાલ સુરતમાં રહે છે તેવું માલમ પડતાં જ ભુવાએ તેને પોતાની જાળમાં ફસાવવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. એપ્રિલમાં તેણે સીમાને ફોન કરીને માતાજીના આશિર્વાદ લેવા માટે સિંગણપોર ચાર રસ્તા પાસેની 'યોગ હોટલ' બોલીવી હતી. તે સમયે ત્યાં રૂમમાં બંને એકલા જ હતા ત્યારે તેણે જે પ્રસાદી આપી હતી તે ખાતાની સાથે જ તેને ઘેન ચડ્યુ હતું અને તે બેહોશ થઈ ગઈ હતી.

તે સમયે ભૂવાએ તેની સાથે દુષ્કર્મ કરી ફોટા પાડી લીધા હતાં અને તેના નગ્ન ફોટા પાડી લીધા હતાં. ભુવાજીના ત્રાસ અને બ્લેકમેઈલિંગથી કંટાળીને આખરે પરિણીતાએ હિંમત એકઠી કરી સિંગણપોર પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે શનિવારેના રોજ ભુવા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ પાખંડી નરેશ ભુવાને રાઉન્ડઅપ કરી લોકઅપ ભેગો કરી દીધો છે અને તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

ભુવો ત્રણ સંતાનનો પિતા નીકળ્યો

અમરોલી પોલીસે ભુવાની ધરપકડ કરતા હકીકત સામે આવી હતી કે તે અમરોલીના છપરા ભાઠા વિસ્તારમાં રહે છે.ભાડાના મકાનમાં રહેતો ભુવો સોશ્યલ મીડિયામાં કરોડપતી હોવાની પોસ્ટ મૂકી લોકોને ફસાવતા આવ્યો છે.તે પરિણીતાના વતનમાં કુળ દેવીની પૂજામાં ગયો ત્યારબાદ સંપર્ક વધ્યા હતા.જે બાદ સુરત લગ્ન થતા ભૂવો તેને અવારનવાર હોટલમાં બોલાવતો હતો.લગ્નના છો મહિનામાં પતિને ખબર પડતા તેને કાઢી મૂકી હતી.જે બાદ પણ સતત મળવા દબાણ કરતા પરિણીતાએ માતા પિતાને હકીકત જણાવતા ભાંડો ફૂટ્યો હતો. વાક્ય રચના ગોઠવી આપો

કાળઝાળ ગરમી...

શહેરના રહેવાસીઓએ વરસાદ બાદ રાહતની આશા રાખી હતી, પરંતુ તેના બદલે ઉનાળા જેવી ગરમીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના નિરીક્ષણ મુજબ દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પ્રી-મોન્સુન પ્રવૃત્તિઓ સક્રિય બની છે. છેલ્લા ત્રણ દિવસથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે, જેના કારણે લોકોમાં ફરી એકવાર ઉનાળાની ઋતુ પરત આવી હોય તેવી લાગણી જોવા મળી રહી છે. ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવને કારણે સામાન્ય જનજીવન પણ પ્રભાવિત થયું છે.

૨૦૨૪થી જેલમાં...

સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ દલીલ કરી હતી કે આરોપીએ પોતાના સાગરીતો સાથે મળી મૃતકની નિર્દયતાપૂર્વક હત્યા કરી હતી. આરોપી સામે અગાઉ સાત ગુના નોંધાયેલા હોવાનું કોર્ટ સમક્ષ રજૂ કરી વચગાળાની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંન્ને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટએ વચગાળાની જામીન અરજી નામંજૂર કરતાં નોંધ્યું હતું કે આરોપીના પરિવારજનો અરજદારની સંભાળ રાખી રહ્યા છે અને માત્ર પરિવારની નાણાકીય વ્યવસ્થા અથવા પ્રસૂતિના કારણસર આ પ્રકારના ગંભીર ગુનામાં આરોપીને ટેમ્પરરી બેલ પર મુક્ત કરવો યોગ્ય ગણાય નહીં.

ઇન્સ્ટા મિત્રએ...

કર્યો હતો. પિતાએ પ્રેમથી પૂછપરછ કરતાં સગીરાએ પોતાની સાથે બનેલી આપવીતી અને ડીજે ઓપરેટરની હેવાનિયતની તમામ હકીકત જણાવી દીધી હતી.ભોગ બનનાર સગીરાના પિતા આ મામલે તાત્કાલિક ડિંડોલી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

રૂપિયા ૨૫૦ કરોડની લોન તો નહીં મળી ઉપરથી ૧.૧૧ કરોડ ગયા

અમદાવાદ અને સુરતના લોન કન્સલટન્ટની અલથાણના પ્રોપર્ટી બ્રોકર સાથે ઠગાઇ

સુરત : સુરત શહેરમાં કમિશન પર ફ્લેટ સેલિંગનું કામ કરતા એક કન્સલ્ટન્ટ અને બિલ્ડરોને વિશ્વાસમાં લઈ, હાઈરાઈઝ બિલ્ડિંગ પ્રોજેક્ટ માટે રૂપિયા ૨૫૦ કરોડની માતબર લોન અપાવવાની લાલચ આપી રૂપિયા ૧.૧૧ કરોડની ઓનલાઈન-આંગડિયા મારફતે ઠગાઈ આચરવામાંઆવી છે છે. લોનની પ્રોસેસિંગ ફીના નામે કટકે-કટકે કરોડો રૂપિયા પડાવી લીધા બાદ લોન નહીં આપતા આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ઓલપાડના સાંધિયેર ગામે રહેતા અને અલથાણમાં 'રીયાલીટી 36 ડી' નામની બ્રોકર ઓફિસ ધરાવતા ભૌતિકભાઈ રમેશભાઈ મણવરે ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું છે કે તેમના પરિચિત દિપક પરસોત્તમ મંગે અને તેમના પરિવારે સુરતના કતારગામ, નાનપુરા, અડાજણ અને વેસુ વિસ્તારમાં કરોડોના હાઈરાઈઝ બિલ્ડિંગ પ્રોજેક્ટ શરૂ કરવા માટે રૂ. ૨૫૦ કરોડની લોનની જરૂરિયાત હોવાની વાત કરી હતી. જેથી તેમણે અન્ય દલાલો મારફત ભગવાન પાટીલ નામના લોન એજન્ટ અને પોતાને અમદાવાદના મોટા ફાઈનાન્સરની ઓળખ આપનાર ગણાવતા પંકજ ભાવસાર સાથે મુલાકાત કરી હતી. તેણે પ્રોજેક્ટની સાઈટો જોઈ લોન મંજૂર કરાવવાનો ભરોસો આપ્યો હતો અને પ્રોસેસિંગ ફી પેટે ૦.૭૫ પૈસા લેખે રૂપિયા ૧,૧૧,૦૦,૦૦૦/- નક્કી કર્યા હતા. દિપક મંગેએ આ પ્રોજેક્ટમાં ભૌતિકભાઈને ૧૦% ભાગીદારી અને માર્કેટિંગનું કામ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે સમયે પોતાની મુંબઈની પેમેન્ટ અટવાયેલી હોવાનું કહી ભૌતિકભાઈને ફીના નાણાં ચૂકવવા જણાવ્યું હતું. લોન પાસ થવાની લાલચે ભૌતિકભાઈએ સુરતના સરથાણા જકાતનાકા પાસે આવેલી પી.એમ. એન્ટરપ્રાઈઝ આંગડિયા પેઢી મારફતે અલગ-અલગ તારીખોએ લાખો રૂપિયા મોકલ્યા હતા. આણંદ અને મુંબઈ મલાડ ખાતે અભય રાઠોડ નામના વ્યક્તિને પણ નાણાં ટ્રાન્સફર કરાયા. તેમણે કુલ ૧.૧૧ કરોડ ટ્રાન્સફર કર્યા બાદ લોનની કામગીરીની વાત કરી હતી. ત્યારે આરોપી ભગવાન પાટીલ અને પંકજ ભાવસારે લોનની કામગીરી અંગે ગોળ-ગોળ જવાબો આપી અવાર-નવાર વાયદાઓ કર્યા હતા. એક વર્ષ સુધી સતત ઉઘરાણી કરવા છતાં લોન પાસ ન થતાં અને ફીના રૂપિયા પરત ન મળતાં આખરે મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

એપ્રિલ-મેમાં તૈયાર હીરાની નિકાસ ઘટી

પોલિશ્ડ લેબગ્રોન ડાયમંડની નિકાસમાં 1.98 ટકાનો વધારો નોંધાયો

સિલ્વર જ્વેલરીની નિકાસ 172.53 ટકા વધીને 365.77 મિલિયન ડોલર પહોંચી, પ્લેટિનમ જ્વેલરીની નિકાસમાં પણ 24.97 ટકાનો વધારો

સુરતઃ જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) ના ચેરમેન હીરા ઉદ્યોગ અંગે કિરીટ ભણસાલીએ જણાવ્યું કે કુદરતી હીરાની નિકાસ હાલમાં સ્થિર છે, પરંતુ વૈશ્વિક સ્પર્ધા સતત વધી રહી છે.

ભારત વિશ્વનું સૌથી મોટું ડાયમંડ મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર હોવા છતાં રફ ડાયમંડ ટ્રેડિંગનો મોટો હિસ્સો હજુ બેલ્જિયમ અને યુએઈ જેવા કેન્દ્રો મારફતે થાય છે. યોગ્ય નીતિગત ટેકો મળે તો ભારત વૈશ્વિક ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે પણ ઉભરી શકે છે.

એપ્રિલ-મે 2026 દરમિયાન કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડની નિકાસ 9.06 ટકા ઘટીને 1.87 અબજ ડોલર રહી હતી. બીજી તરફ પોલિશ્ડ લેબ ગ્રોન ડાયમંડની નિકાસમાં 1.98 ટકાનો વધારો નોંધાયો હતો.

સિલ્વર અને પ્લેટિનમ જ્વેલરીએ જોરદાર વૃદ્ધિ દેખાડી છે.જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં સૌથી વધુ તેજી સિલ્વર જ્વેલરીમાં જોવા મળી હતી. સિલ્વર જ્વેલરીની નિકાસ 172.53 ટકા વધીને 365.77 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. પ્લેટિનમ જ્વેલરીની નિકાસમાં પણ 24.97 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 41.22 મિલિયન ડોલર સુધી પહોંચી હતી.

પ્લેન ગોલ્ડના દાગીનાની નિકાસ ઘટી છે, ત્યાં સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. એપ્રિલ-મે 2026 દરમિયાન સ્ટડેડ ગોલ્ડ જ્વેલરીની નિકાસ 6.71 ટકા વધીને 964.02 મિલિયન ડોલર સુધી પહોંચી હતી. ગયા વર્ષે આ આંકડો 903.37 મિલિયન ડોલર હતો.

જ્યારે કલર્ડ જેમસ્ટોનની નિકાસમાં 10.04 ટકાનો ઘટાડો નોંધાયો હતો. સરકારી હસ્તક્ષેપથી ઉદ્યોગને રાહતની આશા છે.

જીજેઈપીસીએ ભારત સરકારને સોનાની ઉપલબ્ધતા, બેન્કિંગ ચેનલો મારફતે પુરવઠાની સમસ્યા, ડ્યુટી ડ્રોબેકમાં વધારો અને નિકાસકારોને પ્રવાહિતા પૂરી પાડવા માટે તાત્કાલિક પગલાં ભરવાની અપીલ કરી છે.